## || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ મૂર્તિત્રય સ્વરૂપાય નમ: || (૪૫)

## બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રિમૂર્તિનો અવતાર હોવાવાળા,

## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

એકવાર શિવરાત્રી પર ભગવાન બાબા, ઉટકામંડ નામના ગામે ગયા હતા. ત્યાંથી બેંગલોર પાછા આવતી વખતે એક જગ્યાએ બાબાએ ગાડીઓ થોભાવી અને તેમની સાથેના ભક્તો અને વિધાર્થીઓને થોડો સમય આરામ કરવાનું કહ્યું.

બધા સ્વામીની આજુબાજુમાં બેઠા હતા. ત્યારે અચાનક સ્વામી એક વિદ્યાર્થી તરફ વળીને બોલ્યો - 'તને હજુ સુધી મારા વિશે શંકા છે ને? ઠીક છે. તારી પાસે જે પોલોરાઈડ કેમેરો છે, તેનાથી તું મારો ફોટો લે, એટલે તને વાસ્તવિકતાનું જ્ઞાન થશે."

સ્વામી ફોટો પડાવવા માટે ઊભા રહ્યા. તે જ વખતે તેમણે કડક સ્વરમાં, કોઈએ તેમની પાસે આવવું નહીં અને સ્પર્શ પણ કરવો નહીં એવો આદેશ કર્યો. સ્વામીએ તેમની કફની સહેજ ઉપર ઊંચકી અને જમણા પગનો અંગૂઠો જમીન પર દબાવ્યો અને તે વિદ્યાર્થીને તેમનો ફોટો પાડવાનું કહ્યું. પોલોરાઈડ કેમેરાથી પાડેલો ફોટો તરત જ મળે છે, તેથી બધાને ફોટો જોવાની ઉત્સુકતા હતી. જ્યારે તે ફોટો કેમેરામાંથી બહાર આવ્યો, ત્યારે બધાને જ ઘણું આશ્ચર્ય થયું. કારણ કે, ફોટામાં સ્વામીની જગ્યાએ 'ત્રણ માથા અને છ હાથ' એવા સ્વરૂપવાળા ભગવાન દત્તાત્રેય હતા. જેમના ત્રણેય મુખકમલ સ્વામીના હતા. પ્રત્યેક હાથમાં આયુધ (શસ્ત્ર), કમંડલ અને જપમાળ ઇત્યાદિ હતા. પાછળની બાજુ એ ગાય હતી અને ચરણોમાં વેદોનું રૂપ હોવાવાળા ચાર શ્વાન હતા. સ્વામીએ જમણા પગનો અંગૂઠો જમીન પર સહેજ દબાવ્યો હતો, તેની આજુબાજુમાં ફીકાશ પડતા જાંબલી રંગના અને ગુલાબી રંગના ફૂલો પ્રસર્યાં.

ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ ત્રણે ગુણ મારામાં વાસ કરતા હોવાથી સૃષ્ટિનું નિર્માણ, પોષણ અને સંહાર કરવાવાળો ભગવાન હું જ છું. એમ કાંઈ જ ન બોલતા પણ સ્વામીએ ફોટા દ્વારા બતાવી દીધું. ફોટો પાડતી વખતે તેમની પાસે કોઈએ આવવું નહીં. એનું કારણ કહેતા સ્વામીએ કહ્યું કે – 'તે વખતે તેમના શરીરમાંથી અત્યંત પ્રખર અને તેજસ્વી કિરણો (લહેરો) બહાર પડતા હતા.' અર્થાત્ આ પૂર્વે પણ આવી ઘટનાઓ ઘટી છે.

મહારાષ્ટ્રના, બ્રહ્મ ચૈતન્ય શ્રી. ગોંદવલેકર મહારાજના એક શિષ્ય હતા. જે વ્યવસાયે તત્ત્વજ્ઞાનના પ્રોફેસર હતા. એકવાર ગોંદવલેકર મહારાજે તેમના શિષ્યને કહ્યું હતું – 'શ્રી ગુરુદેવ દત્તાત્રેય ભગવાને અવતાર ધારણ કર્યો છે અને તે પટ્ટપર્તિમાં છે. મારી એવી ઇચ્છા છે કે, તમે ત્યાં અવશ્ય જઈ આવો."

ગુરુની આજ્ઞા શિરોમાન્ય માનીને પ્રોફેસર પુટ્ટપર્તિ ગયા. સ્વામીએ તેમને મુલાકાત માટે બોલાવ્યા. જ્યારે તે મુલાકાત કક્ષમાં પ્રવેશ્યા, ત્યારે સ્વામી બોલ્યા – "પાદનમસ્કાર લો, આપ શ્રી દત્તાત્રેયના સ્થાન પર છો." આ સાંભળતા જ તે પ્રોફેસરના આનંદનો પાર ન રહ્યો.

આવી જ બીજી એક હકીકત. તે વખતે બેંગલોરમાં રિસબૂડ નામનું એક કુટુંબ રહેતું હતું. સંપૂર્ણ કુટુંબ સ્વામી ભક્ત હતું. એક દિવસ તે કુટુંબનો દીકરો સ્વામીના દર્શન માટે નીકળ્યો, ત્યારે તેની માતાએ એટલે શ્રીમતી રિસબૂડે તેને થોભવાનું કહ્યું. તે જલદી જલદી તેમની પૂજાની રૂમમાં ગયા અને દત્તાત્રેય ભગવાનની મૂર્તિ લઈને બહાર આવ્યા. તેમણે તે મૂર્તિ દીકરાના હાથમાં આપી અને બોલ્યા - "પુટ્ટપર્તિ ગયા પછી આ મૂર્તિ સ્વામી પાસેથી આશીર્વાદિત (Bless) કરાવી લેજે."

છોકરો પુટ્ટપર્તિ પહોંચ્યો. જ્યારે સ્વામીએ તેને મુલાકાત માટે બોલાવ્યો ત્યારે તેમણે પહેલો પ્રશ્ન (આદેશ) કર્યો – "માતાએ આપેલી મૂર્તિ બહાર કાઢ." તે પ્રમાણે તેણે તે મૂર્તિ થેલીમાંથી બહાર કાઢી અને સ્વામીને આપી. સ્વામીએ તે પોતાના હાથમાં લીધી અને તેમના આશીર્વાદ સ્વરૂપ હાથ તેના પર મૂકીને જાણે તેમાં ચૈતન્ય નિર્માણ કર્યું અને તે માતાને આપવાનું કહીને તે છોકરાને પાછી આપી.

શ્રી. દત્તાત્રેયના પૂર્ણાવતાર અક્કલકોટ નિવાસી શ્રી. સ્વામી સમર્થ મહારાજે તેમના ભક્તોને અવતાર સમાપ્તિનો કાળ સમીપ આવતા કહ્યું હતું – "હવે આપે શિરડી જવું. ત્યાં અમારા બંધુ (ભાઈ) છે." એટલે દત્તાત્રેયના પૂર્ણાવતાર સાઈ રૂપે શિરડીમાં વાસ કરે છે.

શ્રી. માધવરાવ આડકરે રચેલી આરતીમાં આવું જ વર્ણન છે.

'કલિયુગે અવતાર સગુણ બ્રહ્મ સાકાર અવતીર્ણ થયા તે|

સ્વામી દત્તદિગંબર, સાઈ દિગંબર ||'

આપણું સદ્ભાગ્ય એ છે કે, સાઈના બીજા અવતારના દર્શનનો લાભ આપણને મળે છે.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||